# ચૂંટણી પ્રચાર અભયિાન ડાયરી – તા.15મી એપ્રલિ, 2014

**અરૂણ જેટલી**

**(વપિક્ષી નેતા, રાજ્ય સભા)**

## કોંગ્રેસ પાર્ટીનું નવું સૂત્ર: "મૈં નહી મોમ"

એક અગ્રણી ન્યૂઝ ચેનલે ગઈકાલે તેમના ટ્રેકર જનમત સર્વેક્ષણ પરણિામો આપ્યા. તેમાં 275 બેઠકો સાથે સંસદમાં એનડીએને સંપૂર્ણ બહુમત મિળવાની અને ભાજપને 226 બેઠકો પ્રાપ્ત થવાની શક્યતા દર્શાવાઈ હતી. એનડીએને સંપૂર્ણ બહુમત મિળવાની સંભાવના દર્શાવતું આ પ્રથમ જનમત સર્વેક્ષણ છે. હું માનું છું કે તેમાં ઊભરતાં લોકમાનસનો પડઘો પડે છે. દરેક તબક્કામાં મતદાનની તારીખો નજીક આવી રહી છે તેમ તેમ પરસ્થિતિ વિધુને વધુ સ્પષ્ટ બની રહી છે. કોંગ્રેસ સામે ભભૂકી રહેલા જનઆક્રોશ અને નરેન્દ્ર મોદી પ્રત્યેની આશા તેના માટે કારણભૂત છે. હું માનું છું કે વાસ્તવકિ મતદાનમાં હંમેશા જનમત સર્વેની ધારણા કરતા વધુ મળવાની સ્થતિ સર્જાય છે.

કોંગ્રેસની બેઠકોમાં વધુને વધુ ઘટાડા તરફી વાતાવરણ સર્જાતું જાય છે તેમ તેમ તેનો પ્રચાર અભયિાન વ્યૂહ બદલાતો જાય છે. કોંગ્રેસની પ્રચાર ઝુંબેશમાં પણ ગુંચવણો જણાય છે. તેનો સંદેશો સ્પષ્ટ નથી. કોંગ્રેસ પક્ષે ગઈકાલે ટ્રેક બદલ્યો છે. રાહુલ ગાંધીને અત્યાર સુધીની પ્રચાર ઝુંબેશ અને જાહેરાતોમાં અગ્રસ્થાન અપાયા બાદ હવે અચાનક તેમને પાછળ કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસ પ્રમુખ સોનયિા ગાંધીએ પોતાની જાતને આગળ કરવાનું નક્કી કર્યું છે. તેમણે બધી ટેલવિઝિન ચેનલો પર દેશને સંબોધવાનું શરૂ કર્યું.

તેમના અવાજમાં સ્પષ્ટ નિરાશા હતી. રાજકીય નેતાઓના ભાષણો, મુલાકાતો અને પ્રેસ કોન્ફરન્સ હંમેશા મીડિયા દ્વારા કવર કરવામાં આવે છે. કોંગ્રેસ પ્રમુખે ટેલિવિઝન પર ચમકવા કદી સ્લોટ ખરીદવો પડતો નથી. તેમણે માતા-પુત્રના વિચાર વડે પક્ષના સિદ્ધાંતમાં ફેરફાર કર્યો છે. રાહુલ ગાંધીને આગળ કરવાનો પ્લાન કામ ન કરતાં તેમણે ભાષણમાં ફેરફાર કર્યો છે. રાહુલ ગાંધીમાં વિશ્વાસ અભાવ દેખાઈ આવતો હતો. ટેલિવિઝન પરના સંદેશાઓમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરવાથી કંઈ ચૂંટણી એજન્ડા બદલી શકાતો નથી. મોંઘવારી, અર્થતંત્રની અવ્યવસ્થા, ભ્રષ્ટાચાર, વડાપ્રધાન કચેરીના ગેરવહીવટ ભારતીયતા અથવા હિન્દુસ્તાનિયતનો હિસ્સો બની ન શકે. જેથી સોનિયા ગાંધીનો આ સંદેશ ક્લિક થશે નહીં. સોનિયા ગાંધીનો જે સંદેશો તેમના ભાષણમાં રજૂ થયો તેમાં કોંગ્રેસ પક્ષનું નવું સૂત્ર હવે "મૈં નહી મોમ" છે.